# મહેસાણામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતા સ્થાનિકોમાં આક્રોશ

મહેસાણા, તા.૧૨

મહેસાણા શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા કેટલાક વખતથી મિલકત વિરૂધ્ધના વધતા જતા ગુનાઓ તેમજ સમાજ વિરોધી બદીઓને નિયંત્રિત કરવામાં પોલિસતંત્ર નિષ્ફળ નિવડતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોવાનો લોકપોકાર ઉઠયો છે.

મહેસાણા જિલ્લાના મહેસાણા, ઊંઝા, વિસનગર, વિજાપુર, વડનગર, ખેરાલુ, કડી વગેરે વિસ્તારોમાં છેલ્લા કેટલાક વખતથી નાની મોટી ઘરફોડ ચોરીઓ, વાહનચોરી, મંદિર ચોરી, કેબલ ચોરી, લૂંટ જેવા મિલકત વિરૂધ્ધના ગુનાઓના પ્રમાણમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ગંભીર પ્રકારના ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર એકંદરે નિષ્ફળ નિવડયું છે. જિલ્લામાં છેલ્લા ત્રણેક વર્ષ દરમિયાન મિલકત વિરૂધ્ધના ઘણા ગુનાઓ પોલિસ દફતરે નોંધાયેલ છે.જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજ દિન સુધી વણ ઉકેલાયેલા જ રહ્યા છે. તેવું ચર્ચાય છે. બીજું જિલ્લામાં દેશી વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ, નશીલા પદાર્થોનું વેચાણ જેવી સામાજીક પ્રવૃત્તિઓ પણ ફૂલીફાલી હોવાની લોક ફરિયાદ ઉઠી છે. જિલ્લામાં ફુલીફાલેલ અસામાજીક બદીઓને નેસ્ત નાબૂદ કરવામાં પોલીસની કથિત ઢીલી નીતિના કારણે અસામાજીક તત્ત્વોને ફાવટ આવી ગઈ છે. કહે છે કે જિલ્લામાં સમાજવિરોધી પ્રવૃત્તિઓ ચાલવા પાછળ પોલીસને તગડા હપ્તાઓ મળી રહે છે. એટલે આવી બદીઓ બે રોકટોક વ્યવસ્થિત રીતે ખુલ્લેઆમ ચાલી રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

પોલીસતંત્રની કથિત નિષ્ક્રિયતાના કારણે જિલ્લામાં તસ્કરોનો ઉપદ્રવ વધી ગયો છે. નાની મોટી ઘરફોડ ચોરીઓ તેમજ વાહન ચોરીઓના કિસ્સાઓ જાણે સામાન્ય બની ગયા હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. જિલ્લામાં ટ્રાફિકનું યોગ્ય નિયમન થતું નથી કેટલાક સ્થાનોએ ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે.




ભારતની આંતરરાષ્ટ્રીય કાશ્મીરમાં પૂચ સરહદે બે દિવસ અગાઉ પડોશી દુશ્મન દેશ પાકિસ્તાનની આર્મી દ્વારા આપણા દેશના બે લશ્કરી જવાનોની નિર્મમ હત્યા કરી એક જવાનનું માથું કાપીને પાકિસ્તાનમાં લઈ જવાની ઘટનાથી દેશભરમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે હોબાળો મચી ગયો છે અને હિન્દુસ્તાનમાં ઠેર ઠેર જડબાતોડ જવાબ આપવા દેખાવો થઈ રહ્યા છે ત્યારે સરહદી જિલ્લા બનાસકાંઠાના વડામથક પાલનપુરમાં ગુરુનાનક ચોક ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા જિલ્લાપ્રમુખ ડૉ. કે. એસ. મોગરાની આગેવાની હેઠળ ધરણાં સૂત્રોચ્ચાર અને પાકિસ્તાનના રાષ્ટ્ર ધ્વજને આગ લગાડી ચક્કાજામ કરાયો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## વીરપુર ગામે બાઈકની ટકકરે આધેડનું મોત

હિંમતનગર, તા.૧૨

હિંમતનગર તાલુકાના વીરપુર ગામની સીમમાં આજે એક અજાણ્યા મોટર સાયકલ ચાલકે એક રાહદારીને અડફેટે લઈ મોત નિપજાવ્યું હતું અને બાઈક લઈ નાશી છૂટયો હતો જે અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગરના વીરપુર ગામની સીમમાં ઈડર હાઈ-વે પર સવારે ૧૦ વાગ્યાના સુમારે ગાભાઈ હીરાભાઈ વણકર (ઉ.વ. ૬૦ રહે. ઈલોલ) પોતાના કામ અર્થે માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અજાણ્યા વાહન ચાલકે બેદરકારી પૂર્વક બાઈક હંકારી રાહદારીને અડફેટે લીધો હતો અને શરીરે ઈજાઓ પહોંચાડી હતી. જે બાદ સારવાર દરમિયાન વૃધ્ધનું કરૂણ મોત નિપજયું હતું.




## પ્રાંતિજમાં સ્વામી વિવેકાનંદજીની શોભાયાત્રા નીકળી

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આજે પ્રાંતિજ તાલુકામાં આવેલ પી.એન્ડ આર. હાઈસ્કૂલથી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં આસપાસની શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રાંતિજની પી.એન્ડ આર. હાઈસ્કૂલથી સ્વામી વિવેકાનંદ શોભાયાત્રાએ પ્રસ્થાન કર્યું હતું. જે યાત્રામાં ઢોલ, નગારા સાથે વિવિધ શાળાના બાળકો જોડાયા હતા. આ શોભાયાત્રાનું ઠેર ઠેર ગ્રામજનો અને સામાજિક સંસ્થાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ યાત્રા પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેન્ડથી બજાર ચોક, હજામચોક, નાની ભાગોળ અને એપ્રોચ રોડ થઈ પરત ફરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વસંતભાઈ પટેલ, ધનજીભાઈ રાવલ, ભાવિન પરમાર વિગેરે દ્વારા કરવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ)

## નાદરવા ઠાકોરવાસમાં મહિલાનું અપહરણ કરવા આવેલા ત્રણ પૈકી બે શખ્સો ઝડપાયા

દાંતીવાડા, તા.૧૨

દાંતીવાડા તાલુકાના નાદરવા ગામમાં આજે સવારના સુમારે આવી પહોંચેલા ત્રણ અપહરણકારો એક પરણિતાનું કિડનેપીંગ કરી ભાગી રહ્યા હતા ત્યારે બે અપહરણકારો ગ્રામજનોના હાથે ઝડપાઈ ગયા હતા જયારે ત્રીજો અપહરણકાર અપહ્યુત પરીણિતાને લઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ અંગે પાંથાવાડા પોલીસે ગુનો દાખલ કરી અપહરણકારને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડાના નાદરવા ગામે ઠાકોરવાસમાં રહેતા રમેશભાઈ હીરાભાઈ માજીરાણાની ધર્મ પત્નીને આજે સવારના સુમારે ત્રણેક અપહરણકારોએ ગામમાં પહોંચી અપહરણ કરી ભાગી રહ્યા હતા તે દરમિયાન ત્રણ અપહરણકારો પૈકી બે અપહરણકાર ગ્રામજનોના હાથે ઝડપાઈ ગયા હતા જયારે જસવંતસિંહ રાજપુત નામનો અપહરણકાર રમેશભાઈ માજી રાણાની ધર્મપત્નીને લઈ નાસી છૂટયો હતો. આ બનાવ અંગે પાંથાવાડા પોલીસે ગુનો દાખલ કર્યો હતો જે સંદર્ભે દાંતીવાડા આઉટ પોસ્ટના જમાદાર પઢિયાર જશુભાઈ અને રાઈટર રણજીતસિંહે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## તલોદમાં સ્વામી વિવેકાનંદ ખેલ મહોત્સવ યોજાયો

તલોદ, તા.૧૨

ટ્રિનિટી સ્કૂલ તલોદ દ્વારા ૧૨મી જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ જન્મજયંતી નિમિત્તે 'સ્વામી વિવેકાનંદ ખેલ મહોત્સવ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના તમામ વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રમતોમાં ૧૦૦મી. દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક, ત્રિપગી દોડ, લીંબુ ચમચી, ચેસ, કોથળા દોડ, સ્લો સાયકલીંગનો સમાવેશ કરવામાં આવ્યો હતો. રમતમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીના ચહેરા પર આનંદ અને ઉત્સાહ જોવા મળતો હતો. કાર્યક્રમમાં ઘણા બધા વાલીઓએ પોતાના બાળકોને રમતમાં ભાગ લેતા નિહાળી ખુશી વ્યકત કરી હતી. શાળા સંચાલક મંડળ, આચાર્યશ્રીઓએ દરેક રમતના કન્વીનરો અને સહાયક શિક્ષક તેમજ ખેલ મહોત્સવમાં કામગીરી કરનાર દરેક કર્મચારીને અભિનંદન પાઠવ્યા હતા.

આ સાથે ઉત્તરાયણ પર્વમાં સલામતિ માટેના જેટકો આયોજીત કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં શાળાના આચાર્યશ્રી કિરીટ પટેલ અને જેટકોના કર્મચારી મિત્રોએ શાળાના વિદ્યાર્થીઓને ઉત્તરાયણ પર્વ નિમિત્તે સાવચેતી અને અકસ્માત ન સર્જાય તે માટે જરુરી સૂચનાઓ પ્રેકટીકલ દ્વારા આપવામાં આવી હતી.

## ઊંઝા ખાતે એક મકાનમાં આગ લાગતું મોટું નુકસાન

ઊંઝા, તા.૧૨

ઊંઝા ખાતે ઐઠોર ચાર રસ્તા પાસે આવેલ હૂડકોના એક મકાનમાં કથિત શોર્ટ સરકીટના કારણે અચાનક આગ લાગતાં ઘરવખરી બળી જતાં ખાસ્સું નુકસાન થયું હતું.

વિગત એવી છે કે ઊંઝા ખાતે ઐઠોર ચોકડી પાસે હૂડકોના લાલ બહાદુર શાસ્ત્રીનગરમાં રહેતા પરમાર ધીરાભાઈ રત્નાભાઈના મકાનમાં આજે સવારે સાડા અગિયાર વાગ્યાના સુમારે અચાનક આગ લાગી હતી. જોતજોતામાં આગ સમગ્ર ઘરમાં પ્રસરી ગઈ હતી જેથી ઘરની અંદર પડેલી ઘરવખરી બળી જવા પામી હતી. આ ઉપરાંત લોખંડની તિજોરીને પણ નુકસાન થયું હતું. જો કે કોઈ જાનહાનિ થઈ ન હતી. આગની જાણ થતાં સ્થાનિક ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લીધી હતી. કથિત શોર્ટ સરકીટને કારણે લાગેલ આગને લીધે મકાનમાલિકને મોટું નુકસાન થયું હતું. આ બનાવ અંગે ઊંઝા પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## ખેડબ્રહ્મામાં વિવેકાનંદ જયંતિ નિમિત્તે શોભાયત્રા

ખેડબ્રહ્મા, તા.૧૨

ખેડબ્રહ્મામાં સ્વામિ વિવેકાનંદ જન્મ જયંતિ સાર્ધશની સમિતિ દ્વારા સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે શહેરમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રાએ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરથી પ્રસ્થાન કરી શહેરના વિવિધ માર્ગો પર ફરી બસ સ્ટેન્ડ પાસે પૂર્ણાહુતિ થઈ હતી. શોભાયાત્રા દરમિયાન ભારતીય સંસ્કૃતિ-સામાજીક અને ધાર્મિક વિષયોની ઝાંખી કરાવતા ફ્લોટનો સમાવશ કરવામાં આવ્યો હતો. જેમાં ભારત માતા-ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ-રાણા પ્રતાપ-શિવાજીની વેશભુષાના પાત્રાઓ શહેરમાં આકર્ષણ જમાવ્યું હતું. તાજેતરમાં ભારતની સરહદે શહીદ થયેલા જવાનો હેમરાજ તથા સુધાકરસિંહના ચિત્રો પણ શોભાયાત્રામાં મુકવામાં આવ્યા હતા. આ શોભાયાત્રાને ખેડબ્રહ્મા સાર્ધશની સમારોહ સમિતિના સંયોજક વિજયભાઈ ડી. પટેલ સહ સંયોજક જયેશભાઈ જોષી, સોમજીભાઈ ખેર-વિક્રમભાઈ વાઘેલા-બ્રિજેશ બારોટ-જીજ્ઞેશ રાવલ તથા બ્રિજેશ પટેલ સહિત સમિતિના સભ્યો અને શાળાના વિદ્યાર્થીઓ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જોડાયા હતા.




સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના તીર્થધામ શામળાજી ખાતે શનિવારના રોજ રણછોડરાયજી મંદિરના પરિસરમાં સાબરકાંઠા સમસ્ત બ્રહ્મસેના દ્વારા જિલ્લાના બ્રહ્મસંમેલન અને બ્રહ્મ ચોર્યાસી યોજાઈ હતી. જેમાં જિલ્લામાંથી મોટી સંખ્યામાં ભૂદેવ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. દેવાધિ દેવ મહાદેવ અને ભગવાન શ્રી પરશુરામની અસીમ કૃપાથી સાબરકાંઠા જિલ્લા બ્રહ્મસેના દ્વારા સમસ્ત જિલ્લાના ભૂદેવોનું બ્રહ્મ સંમેલન અને બ્રહ્મ ચોર્યાસી શનિવારના રોજ ભગવાન વિષ્ણુજીના સાનિધ્યમાં ભાગવત્ રત્ન કમલેશભાઈ વ્યાસની અધ્યક્ષતામાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતીએ યોજાયું હતું. આ પ્રસંગે બ્રહ્મ સમાજના સંત શિરોમણી ડૉ. સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્ય, પૂં. પૂ. જ્ઞાનાનંદ સરસ્વતી મહારાજ ગાયત્રી ઉપાસક મહેન્દ્રભાઈ ઉપાધ્યાય આશીર્વચન આપ્યા હતા. જ્યારે ગુજરાત બ્રહ્મ સેનાના ટ્રસ્ટી અતુલભાઈ દિક્ષિત ઉપસ્થિત રહીને સામાજિક વિકાસ અંગેનું માર્ગદર્શન આપ્યું હતું.

## ઈડર સરકારી વિજ્ઞાન કોલેજમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ઈડર, તા. ૧૨

ઈડર સરકારી વિજ્ઞાન કોલેજમાં તાજેતરમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સરકારી વિજ્ઞાન કોલેજ ઈડર ખાતે કોલેજીએટ વુમન ડેવલોપમેન્ટ સેલ અંતર્ગત તાજેતરમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો બેટી બચાવો, બેટી વધાવો જેમાં કોલેજની વિદ્યાર્થી બહેનો અને ભાઈઓએ પણ ભાગ લીધો હતો. બહેનોમાં રહેલ કલાકૌશલ્ય ખીલે તે હેતુથી મહેંદી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનિઓએ ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે બી.એસ.સી. સેમ.-૨ની સહિન મોગલ, દ્વિતીય ક્રમે બી.એસ.સી. સેમ.-૨ની પરીખ લઘુશ્રી અને તૃતિય ક્રમે બી.એસ.સી. સેમ-૪ની રાજપુત રેખા આવી હતી. તેવીજ રીતે મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે બી.એસ.સી.ની કુ. પરીખ લઘુશ્રી, બીજા ક્રમે બી.એસ.સી. સેમ.-૨ની ખેર ટીના અને ત્રીજા ક્રમે બી.એસ.સી. સેમ.-૨ની દિવાન તસ્લીમ આવી હતી. કાર્યક્રમમાં સી.ડબલ્યુ.ડી.સી.ના અધ્યક્ષ ડૉ. પ્રજ્ઞાબેન પ્રજાપતિ અને પ્રિયંકાબેન દરજીએ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. વિજેતા ખેલાડીઓને આચાર્ય ડી.પી. પટેલ તેમજ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ત્રિ-દિવસીય ૨૪માં ખેલકૂદ રમતોત્સવનો સમાપન સમારોહ યોજાયો

### પાટણ સૌથી મોખરે અને સાબરકાંઠા-મહેસાણા બીજા ક્રમે

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર તાલુકાના અગીયોલ નજીક આવેલ ગ્રોમોર કેમ્પસ ખાતે ચાલી રહેલ ત્રિ-દિવસીય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ત્રિ-દિવસીય ૨૪માં ખેલકૂદ રમતોત્સવનો સમાપન સમારોહ શનિવારના રોજ યોજાયો હતો. આ સમાપન સમારોહમાં જિલ્લા ભાજપના પ્રમુખ જે. ડી. પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ - હેમલતાબેન પટેલ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઈ સી મેમ્બર શૈલેશભાઈ પટેલ, મોડાસા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ કનુભાઈ પટેલ, શારીરિક શિક્ષણ વ્યાખ્યાતા બગુભાઈ પટેલ અને ગ્રોમોર ફાઉન્ડેશનના સેક્રેટરી કે. ડી. પટેલ, ગ્રોમોર કેમ્પસના ભાઈલાલભાઈ પટેલ, એલ. આર. પટેલ, એચ. બી. પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ત્રિ-દિવસીય રમતોત્સવમાં ૭ વિભાગ જેમાં બેસ્ટ એથ્લેટ ભાઈમાં પાટણ આટ્ર્સ કોલેજના કેશુભા ગોહિલ, બેસ્ટ એથ્લેટ બહેનોમાં પણ પાટણ આટ્ર્સ કોલેજની નિશા પટેલ, બેસ્ટ એથ્લેટિક ચેમ્પિયનશીપ ટીમ ભાઈઓમાં પાટણ આટ્ર્સ કોલેજ, બેસ્ટ એથ્લેટિક ટીમ ભાઈઓ અને બહેનોમાં પાટણ આટ્ર્સ કોલેજ અને વર્ષ ૨૧૨-૧૩ની ઓવર ઓલ જનરલ ટીમ ચેમ્પિયનશીપમાં પણ ટીમ પાટણ આટ્ર્સ કોલેજ વિજેતા રહી હતી. આમ પાટણ આટ્ર્સ કોલેજના ભાઈઓ અને બહેનોએ સર્વશ્રેષ્ઠ દેખાવ કરી મોખરે રહી હતી. જયારે સાબરકાંઠા જિલ્લાના ઈડર આટ્ર્સ - કોમર્સ કોલેજની બહેનોની ટીમ એથ્લેટિક ચેમ્પિયનશીપ અને મહેસાણાની મહિલા આટ્ર્સ અને હોમ સાયન્સ બહેનોની ટીમ જનરલ ટ્રોફીમાં વિજેતા બની હતી. આ તમામ સાત વિભાગમાં વિજેતા ટીમના ખેલાડીઓને ટ્રોફી એનાયત કરી હતી.

### વ્યાખ્યાનમાળાનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને પ્રેરક વકતવ્ય કરી માણેકદાદાના કાર્યોને વટવૃક્ષ સમાન ગણાવ્યા હતા અને ગાંધીનગરને વિદ્યાધામ બનાવનાર આ મહાનાયકના સૌ શિક્ષણપ્રેમી ઋણી રહેશે તેમ જણાવ્યું હતું.

વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ ડૉ. કાપડીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષાબેન પારેખે સંભાળ્યું હતું.

આમંત્રિત મહેમાનોનું શાલ, પુસ્તક અને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વાઈસ ચેરમેન ડૉ. કનુભાઈ પટેલ, ડૉ. મોહનભાઈ પટેલ, ડૉ. રામભાઈ પટેલ, ડૉ. સોમભાઈ પટેલ, સૂર્યક્રિષ્નન મંત્રાલા, મનુભાઈ પટેલ તથા આચાર્યો, અધ્યાપકો, અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૫

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮